

## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*બાજના હાથમાં 'ન્યાય'નું કબૂતર આવ્યું નહીં,*
*પીંખી નાખી પ્રતિષ્ઠાની પાંખો પણ ફાવ્યું નહીં.*
*લ્યો ! થઈ ગયું લોહીલુહાણ શિસ્તનું એ શાસન !!*
*દબોચી નાની કોર્ટો પણ 'સુપ્રીમે' આવડ્યું નહીં ?!*

હાઈકુ

*'હિંદુત્વ' સ્પર્ધા,*
*કાપાકાપી ઉત્સવે -*
*પડી છે ગૂંચ...*
*(સાચું હિંદુત્વ કોનું ?)*

*રમે બોમ્બથી,*
*ઘરના ઝગડામાં -*
*ન્યાય-સંતાનો...*
*(પેટ્રોલના ઠામે ઠર્યું પેટ્રોલ)*

### ચિંતન

સત્યમેકપદં બ્રહ્મ સત્યે ધર્મઃ પ્રતિષ્ઠિતઃ ।
સત્યમેવાક્ષયા વેદાઃ સત્યેનાવાપ્યતે પરમ્ ॥

*ઉપરોક્ત શ્લોક વિદૂરનીતિમાંથી લેવામાં આવેલ છે.*

*સત્ય એ એક બાજુ બ્રહ્મ છે, સત્યમાં ધર્મ સારી રીતે રહેલો છે. સત્ય એ અમર વેદો છે અને સત્યથી ઈશ્વર મળે છે.*

*સત્ય એ જ ધર્મ છે, સત્ય એ જ જ્ઞાન છે. સત્ય જ બ્રહ્મ જ્ઞાન છે. સત્યનિષ્ઠાથી કરેલું કોઈ પણ કાર્ય જીવનધર્મ બની જાય છે. આવા જીવનથી જ ઈશ્વરની પ્રાપ્તિ થાય છે.*

### સુવિચાર

- જે અન્ન પર ઈશ્વર સ્મરણ કરવામાં આવ્યું હોય, એ જ ખાઓ - **હજરત પયગંબર**
- 'હું છું' એવો ખ્યાલ ત્યજી દેવો - **બુદ્ધ**
- પરમાત્મા કોઈને એવું નહીં પૂછે કે તું બુદ્ધ કેમ ન બન્યો, મહાવીર કેમ ન બન્યો, કૃષ્ણ કેમ ન બન્યો, એ એટલું જ પૂછશે કે જે તું બની શકે તેમ હતો તે કેમ ન બન્યો - **ટાગોર**
- જેનાથી બીજાને સુખ મળે, એને સુખ છે - **અષો જરથુષ્ટ્ર**
- 'તું જયાં પોતાને પામે છે એ જ તારી દુનિયા છે' - **અરબી કહેવત**
- આપણે ખરેખર કોઈને ચાહતા હોય તો ક્ષમા કરતાં શીખવું જોઈએ - **મધર ટેરેસા**
- આજનું ઔષધ : મૂળાના પાનનો રસ કરોળિયા ઉપર માલીશ કરવાથી કરોળિયા મટે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

બંગાળના બે ભાગલાથી બંગાળી યુવાનો અંગ્રેજ સરકારની ભયંકર વિરુદ્ધ હતા. યુવાનોને ગમે તેમ કરી ને કાબુ કરવામાં અંગ્રેજો ખોટા કેસ દાખલ કરતા અને મેજીસ્ટ્રેટ કિંગ્સફોર્ડ તેમને કોરડાની મારવાની સજા કરતો. સૌ યુવાનો આ મેજીસ્ટ્રેટ ઉપર ખૂબ રોષે ભરાયા હતા.

ક્રાંતિકારીઓએ કિંગ્સફોર્ડને પાઠ ભણાવવાનું નક્કી કર્યું એમણે એક બોમ્બ બનાવ્યો અને એ બોંબ મેજીસ્ટ્રેટની કાર પર ફેંકવાની જવાબદારી પ્રફુલ્લચક્રવર્તી અને ખુદીરામ બોઝને આપવામાં આવી. મુઝફરપુરમાં પસાર થતી ગાડી પર પ્રફુલ્લ ચક્રવ્તીએ બોંબ ફેંક્યો. પરંતુ કિંગ્સફોર્ડની કાર ઓળખવામાં ભૂલ થઈ ગઈ. અને બોમ્બ બીજી કારમાં પડ્યો જેમાં બેઠેલે બે નિર્દોષ અંગ્રેજ સ્ત્રીઓ કમોતે મરી ગઈ.

પ્રફુલ્લ ચક્રવર્તીએ જાતે બંદુક ફોડી આપઘાત કરી લીધો અને ખુદીરામ બોઝ પકડાઈ ગયા. તેમને અદાલતમાં રજૂ કરવામાં આવ્યા ત્યારે ખુદીરામ બોઝે કહ્યું, 'વંદે માતરમ્' ગાવાના વિરુદ્ધમાં કોરડા મારનાર કિંગ્સફોર્ડ ને હું મારી શક્યો નથી જેનો મને અફસોસ છે. પરંતુ નિર્દોષ અંગ્રેજ સ્ત્રીઓના મૃત્યુ થયા છે જેનું ખૂબ દુઃખ છે.' ખુદીરામ બોઝને ફાંસીની સજા થઈ.

# હિંદુત્વવાદના સમર્થકો આમને-સામને

*તંત્રીસ્થાનેથી...*

વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રી અધ્યક્ષ જેવું ઊંચું પદ ધરાવતા ડૉ. પ્રવિણ તોગડીયાએ પોતાનું પોલીસ દ્વારા એન્કાઉન્ટર થવાની શક્યતા છે એવી શંકાથી છુપાઈ જવાનો નિર્ણય કર્યો હોવાની નિખાલસ કબૂલાત કરી છે. તેઓ સ્પષ્ટવક્તા પ્રકૃતિના હોઈ કશું છુપાવતા નથી. એમને ઝેડ પ્લસ સિક્યુરિટી અપાઈ હોવઈ તેઓ નિર્ભય બની ગયા છે એવું માનવા તૈયાર નથી. આથી જયારે કોઈએ એમના ફોન પર તમારું એન્કાઉન્ટર થવાનું છે એવી માહિતી આપી ત્યારે સ્વાભાવિક રીતે જ એમને સામાન્ય માણસ અનુભવે એવો ડર અનુભવ્યો. ડરને કારણે માનવ શરીરની સિમ્પેથેટિક અને પૅરા સિમ્પેથેટિક નર્વસ સિસ્ટમ સક્રિય થઈ જતી હોય છે. એથી માણસને પરસેવો વળી જતો હોય છે અને લોહીનું દબાણ પણ અસ્થિર બની જતું હોય છે. આથી તેઓ થોડા સમય પૂરતા બેહોશ બની ગયા હોય તે બનવાજોગ છે. પરંતુ સમગ્ર ઘટનાક્રમનું પગેરું લેનાર પોલીસ તો એને તોગડિયાનું 'નાટક' જ ગણાવે છે. તોગડિયાને એ નાટકમાં સહયોગ કરનારા ડૉકટરો અને અન્ય સાથીદારોના પણ પોલીસ જવાબ લઈ રહી છે. આખરે આખા ઍપિસોડનો સાર એટલો જ નીકળે છે કે ડૉ. પ્રવિણ તોગડિયા કેન્દ્ર કે રાજય સરકારની ગુડ બુકમાં ધરાર રહ્યા નથી. એમની સામે જૂના કેસો ઉખેળીને એમને અદાલતના આંટાફેરા શરૂ કરાવવાની સરકારની દાતન હોવાનું તેઓ ખુલ્લંખુલ્લા કહી ચૂકયા છે. વળી રાજસ્થાન પોલીસ એમની સામે બિનજામીનપાત્ર વોરંટ લઈને આવી હોય અને રાજસ્થાનનાં મુખ્યમંત્રી કે ગૃહમંત્રી એ બાબતથી તદ્દન અજાણ હોય ત્યારે એ આ આખી પ્રક્રિયા વધુ ઉચ્ચ કક્ષાના પદાધિકારીઓના ઈશારે જ થઈ હોવી જોઈએ એવો તોગડિયાનો તર્ક પુરવાર કરવો અઘરો જરૂર છે, પરંતુ ઝેડ પ્લસ સુરક્ષા સાથે 'હિંદુ હૃદય સમ્રાટ' નું બિરુદ મેળવનાર મહાનુભાવની ધરપકડ કરતાં પહેલાં રાજયની પોલીસ સરકારનું ધ્યાન ન દોરે અને ચૂપચાપ કાર્યવાહી કરવા લાગી જાય તે પણ શક્ય નથી. આથી વીસ વર્ષથી પણ જૂના કેસો ઉખેડી હવે પોતાનો અવાજ બંધ કરાવવાની કોશિશ સર્વોચ્ચ સત્તાધીશોના ઈશારે જ થતી હોવી જોઈએ એવો સંદેહ તોગડિયાના સમર્થથકોને પણ થયો હોય તો એ સકારણ છે. તોગડિયા સ્વેચ્છાએ પોતાનો સુરક્ષાઘેરો છોડીને હોસ્પિટલમાં દાખલ થયા છે અને ત્યાંથી બારોબાર રાજસ્થાન અદાલતના શરમે જવા કૃતસંકલ્પ છે. આખી ઘટના મોદી-તોગડિયા વચ્ચેના ગજગ્રાહની પરાકાષ્ઠા સમી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજકીય ઉદયથી તોગડિયા જેવા હિંદુત્વવાદી નેતાનું સપનું રોળાઈ ગયું હોવાનું અર્થઘટન જગજાહેર છે. આગામી સમયમાં વિશ્વ હિંદુ પરિષદમાં પણ તડાં પડવાની શક્યતા નકારી શકાય એમ નથી. ભારતીય જનતા પાર્ટી હવે તોગડિયાના નેતૃત્વવાળી વિશ્વ હિંદુ પરિષદને કોંગ્રેસ કરતાં પણ મોટી દુશ્મન ગણતી થઈ ગઈ છે તે કહેવાની જરૂર ખરી?

# હાસ્ય એ તો આત્માનું સંગીત છે

જીવન દર્શન

પી.એમ. પરમાર



એક પતિ પત્નીથી ખૂબ ત્રસ્ત હતો. નોટબંધી વખતે સામટા પાંચ લાખ પત્નીના ખાતામાં જમા કરી આવ્યા પછી મિત્રોને પૂછવા લાગ્યો - યાર હવે તો ઈન્કમટેક્સવાળા બૈરીને પકડી જશે ને?

બપોરના સમયે જમીને એક ભિખારી પાટિયા ઉપર લખીને સૂઈ ગયો. લખ્યું હતું કે મહેરબાની કરી પરચૂરણ નાખી ખલેલ ના કરતા. નોટ જ નાખજો. ભગવાન તમારું ભલું કરે. આભાર...

પત્નીએ કહ્યું : જમી લો, પછી મારે તમારી સાથે થોડીક વાત કરવી છે - આટલું સાંભળતાં જ બિચારા પતિની ભૂખ મરી જાય છે. એટલે તો બધા કહે છે : કેટલાક લોકો સુખી હોય છે તો કેટલાક...? પરણેલા હોય છે!

આટલું વાંચ્યા પછી જો હસવું આવે તો માની લેજો કે તમે માણસ છો, કારણ કે જગતભરના જીવોમાં જગતનિયંતાએ માત્રને માત્ર માણસને જ તદ્દન મફતમાં 'હાસ્ય'ની ભેટ આપી છે છતાં સૌથી મોટી કરૂણાંતિકા તો એ છે કે જે મફતમાં કંઈ પણ મળતું હોય તો મરી ફીટે. મારામારી કરે કે પડાપડી કરે એ માણસ હસી શકતો નથી ત્યારે હસવું કે રડવું?

જયારે તમે હસો છો ત્યારે ભગવાન રાજી થાય છે પણ જયારે તમે બીજાને હસાવો છો ત્યારે ખુદ ભગવાન તમારા ઉપર ખૂબ રાજી થાય છે. હાસ્ય એ તો આત્માનું સંગીત છે. તમે હસો તો દુઃખ જાય ભાગી; તમે રડો તો દુઃખ જાય જામી. હાસ્ય વગરનો માણસ દીવેટ વગરની ફાનસ, ટ્યુબ વગરનું ટીવી, કોમ્પ્રેશર વગરનું ફ્રીજ અને પ્લગ વગરના સ્કૂટર જેવો શું નથી લાગતો ? બેફામ શું કહે છે : અશ્રુ પછીના સ્મિતનું આ દશ્ય તો જુઓ;

વર્ષા પછીનો જાણે કે પહેલો ઉઘાડ છે!

એક શેઠ હતા. શૅરબજારના કિંગ, લે-વેચ, સટ્ટો-સોદા કર્યા જ કરે. એક વખત શેઠને સખત તાવ આવ્યો. પથારીમાંથી ઊભા ના થવાય. છોકરાઓએ ડૉકટર બોલાવ્યા, શેઠને તપાસ્યા, છોકરાઓને બોલાવી કહ્યું, તાવ-૧૧૦ છે. ખૂબ કાળજી લેજો. ડૉકટર રવાના થયા. છોકરા હવે શું કરવું તેની ગુસપુસ વાતો કરતા હતા શેઠે બોલાવ્યા. પૂછ્યું શું થયું ? છોકરાઓએ કહ્યું : બાપુજી અત્યારે ૧૧૦ છે, તો સાંભળી શેઠ બોલ્યા... હમણાં ના વેચતા ૧૫૦ થાય ત્યારે વેચી નાખજો. બે પગ કબરમાં લટકતા હોય તોય મોહના છૂટે ત્યાં હસવાની શું અપેક્ષા રાખી શકાય ? જે હાસ્યની ઉપેક્ષા કરે ત્યાં સુખી જીવનની અપેક્ષા વ્યર્થ છે.

હાસ્ય પેદા થાય તેના ઉપાયો અને પર્યાયવાચી શબ્દો કેટલા છે એ જાણો છો ? આવો જાણીએ : એપિગ્રામ, કટાક્ષ, કોમેડી, કાર્ટુન, ગમ્મત, ગેગ, જોક, ટૂચકા, ફારસ, બર્લેસ્ક, બફ્નરી, મશ્કરી, મજાક, મીમીક્રી, માઈલ, રમૂજ, રિપોર્ટી, રિડીક્યુલ, લતીફા, વિનોદ, વિટ, વિટીસીઝમ, વ્યંગ, વ્યંજના, સ્લેપ સ્ટીક, હાઉલર અને હાસ્ય - આ હાસ્ય સેવાઓ છે તો હાસ્યનું સાહિત્ય છે અને હાસ્યના અનેકાર્થી શબ્દસમૂહો છે.

કુદરતી તેર આવેગો છે : મળ, મૂત્ર, વાછૂટ, સમાગમ, ભૂખ, તરસ, હાસ્ય, રૂદન, ઊંઘ, ઉલટી, ઉધરસ, છીંક અને બગાસુ - આમાંથી એક ને પણ રોકવા ન જોઈએ. જે હસતો નથી તેને રડવાનો વારો આવે છે. હવે તો મોડે મોડે પણ માણસોને હસવાથી થતા ફાયદા સમજાયા છે એટલે ઘણા વહેલી સવારે એકઠા થઈ હસવું ન આવતું હોય તો પણ કૃત્રિમ હાસ્ય કરવા માંડ્યા છે એની ઉપર આપણે હસીએ - એ પણ હસવા જેવી વાત છે ને !

હસો - ખૂબ હસો, હસવાથી જ્ઞાનતંતુઓ મજબૂત બને છે; મન પ્રફુલ્લિત રહે છે. બ્લડ પ્રેશર માપમાં રહે છે. હસતાં હસતાં કામ કરો અને કામ કરતાં કરતાં હસતા રહો. હસ્યા વિના જીવે તે અમીર નથી અને હસીને જીવે તે ગરીબ નથી. માણસ હસતો સારો અને કૂતરો ભસતો સારો. સ્મિત એટલે ઈશ્વરની ભલામણ ચિઠ્ઠી. સમગ્ર જીવનમાં એક પણ વખત હસ્યો ન હોય એવો એકાદ માણસ તો બતાવો? શું એ તમે તો નથી ને ? હસવું જરૂરી છે.

# ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૯મા અધિવેશનની આડીતેડી વાતો

મનના ઉમંગો

રણછોડ પરમાર



(મણકો-૩)

ગયા ગુરૂવારે આપણે સિકંદરાબાદ ખાતે મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૯મા અધિવેશનની ઉધ્ધાટનની અને બીજી બેઠકની થોડીક વાતો કરી હતી. તારીખ તેવીસમીની સવારે ઉદઘાટન બેઠક હતી. ત્યાર પછી ભોજન બાદ ''સાહિત્ય અને રાષ્ટ્ર'' વિષય પરની બીજી બેઠક બપોરના ત્રણ વાગ્યે શરૂ કરવાની હતી.પરંતુ પહેલી બેઠક એટલી લાંબી ચાલી કે તે પૂરી થતાં થતાં જ લગભગ અઢી વાગી ગયા. પછી અધિવેશનનું પહેલું ભોજન હતું તેને બધાયે ખુબ રસપૂર્વક ન્યાય આપ્યો. આટલા સ્વાદિષ્ટ ભોજન બાદ પણ ઘણાને છાશની કમી વરતાણી. હવે દક્ષિણ ભારતમાં કોને જમતાં જમતાં છાશ પીવાની ટેવ હોય ? છતાં આયોજકોએ પછીની બેઠકોમાં છાશની વ્યવસ્થા કરી. આમ ભોજન પછીની બેઠક હતી, ભારેખમ વિષય હતો અને પ્રકાશ શાહ જેવા વિચારકનું અધ્યક્ષ પદ હતું. એટલે ખાસ પ્રવાસના હેતુ માટે આવેલા મહેમાનોને(ખાસ તો તેમની ભાર્યાઓને) આ બેઠક ઘણી કષ્ટદાયક થઈ હશે એમાં મીનમેખ નથી.

પહેલી બેઠકના વકતાઓ હતા શ્રી ભરતભાઈ મહેતા અને શ્રીમતી ઉષાબેન ઉપાધ્યાય.સંચાલન કર્યું હતું કુ. પ્રજ્ઞાબેન પટેલે. શ્રી પ્રકાશભાઈ મને ખુબ પ્રિય છે એટલે એમની ભારેખમ વાતો પણ હું ઘણા રસથી વાચતો રહું છું.પ્રજ્ઞાબેને એમનો પરિચય આપતાં કહ્યું કે '' મેં એક પણ પ્રતિજ્ઞા તોડી નથી , કારણ કે મેં એક પણ પ્રતિજ્ઞા લીધી નથી.'' આવું માનનાર પ્રકાશભાઈ આજે આપણી સાથે છે. શ્રી શાહને રાષ્ટ્ર વિશે બોલવાનું હતું તેમણે રાષ્ટ્રનો ખ્યાલ ઓગણીસમી સદીમાં શરૂ શરૂ થયો અને વીસમી સદીમાં તે રાજ્ય સાથે કેવી રીતે સંકળાયો તેની સરસ ભૂમિકા બાંધી આપી. તેમણે રશિયન નવલકથાકાર શોલોખોફ ( ધીરે વહે છે દોનના કર્તા) ની એક નવલિકાની સ્મરણ કરાવ્યું. બીજા વિશ્વયુધ્ધના દિવસોમાં કેટલાક રૂસી સૈનિકો જર્મનોના કેદી બનેલા. જર્મન કમાંડર ગમે ત્યારે આવી તેમના પર બેરહેમ સિતમ ગુજારતો. પેલા અધમૂઆ થઈ જતા. કમાંડર થોડો સમય રશિયામાં રહેલો એટલે એને રશિયન ગાળો આવડતી. રશિયનોને ભરપેટ માર્યા પછી તેમની ભાષામાં ગાળો દેતો. આ પળ , માર ખાનારાઓ માટે ધન્ય બની જતી. પિતૃભૂમિની યાદ તાજી થઈ જતી.રશિયનો બધોય સિતમ ભૂલી જતા એમને એવું થતું કે વોલ્ગાને કાંહે બેઠા બેઠા વૉડકાનું પાન કરીએ છીએ. પ્રકાશભાઈના શબ્દોમાં કહીએ તો, '' પિયરની, આ કિસ્સામાં વતનની ગાળ એટલે ઘીની નાળ. '' ( આવી અદભુત વાતો ગુજરાતમાં બે જ જણા કરે છે એક પ્રકાશભાઈ અને બીજા શ્રી વિષ્ણુભાઈ પંડ્યા. છતાં વિધિની વિડંબના તો જુઓ, સ્વાયત્તતાના મુદ્દે બંને સામસામી બાજુએ છે.)

શ્રી પ્રકાશભાઈએ કહ્યું કે રાષ્ટ્ર જેવો શબ્દ રાજય સાથે સંકળાઈને ભ્રષ્ટ થઈ ગયો છે. રવીન્દ્રનાથે તેની વિગતે વાત કરી છે. ઓગણીશમી સદીની શરૂઆતમાં ગાંધીજી ''હિંદ સ્વરાજ'' લખે છે. રવીન્દ્રનાથ '' ગોરા'' લખે છે. મુસોલિની એવું માનતો કે સ્ત્રી માટે જેમ માતૃત્વ સહજ છે તેમ રાષ્ટ્ર માટે યુધ્ધ શહજ છે.

બંકિમચન્દ્રે ''વંદે માતરમ '' લખ્યું. વંદે માતરમમાં સશ્ય શ્યામલમ માતૃભૂમિની વાત છે. રવીન્દ્રનાથના આમાર સોનાર દેશ બાંગલા, કે જે બાંગલા દેશનું રાષ્ટ્રગીત છે તેમાં પણ માતૃભૂમિની જ વાત છે. '' જન ગણ મન અધિનાય જય હે '' માં જન ગણની વાત છે. પણ એનો અધિનાયક કોણ છે તો કહે છે કે '' મૉરલ લૉ.'' બંકિમચન્દ્રથી રવીન્દ્રનાથ સુધી રાષ્ટ્રવાદનું ચિત્રણ છે. તે કનૈયાલાલ મુનશી અને મનુભાઈ પંચોળી ''દર્શક'' સુધી ચાલે છે. રમણલાલ વસંતલાલ દેસાઈ મધ્યમવર્ગને સાહિત્યમાં લઈ આવે છે. ગુણવંતરાય આચાર્ય સામાન્ય માણસને લઈ આવે છે. આમ ગાંધીજી અને ટાગોર રાષ્ટ્રમાં માનવતાને અગ્રસ્થાન આપે છે. રોમા રોલાંએ પણ આ જ વાત કરી છે. ''ગાંધીજીનું ખરું લાવણ્ય ૧૯૩૦માં પ્રગટ થયું કારણ કે તે લવણ માટે લવાયું હતું.'' રાષ્ટ્ર એટલે સાથે રહેવાનો હૃદયભાવ એવી ભાવના પ્રગટે છે.

શ્રી પ્રકાશભાઈને વાંચવા એ એક ઘણું અઘરું કામ છે પણ સાંભળવા એ તો અનેરો લહાવો છે. જે અવારનવાર પ્રાપ્ત થતો રહે છે. પ્રકાશભાઈ પછી બોલનાર શ્રી ભરતભાઈને '' તુંડે તુંડે રાષ્ટ્ર ભિન્ના'' એવો અનોખો કહી શકાય તેવો વિષય સોંપવામાં આવ્યો હતો. જેને તેમણે યોગ્ય ન્યાય આપ્યો. તેમના જણાવ્યા મુજબ ૧૯૩૧ થી રાષ્ટ્રવાદનું આલેખન શરૂ થયું. તે પહેલાં ધૃતરાષ્ટ્ર અને સૌરાષ્ટ્રમાં રાષ્ટ્ર છે.( એમ તો શિવાજીના મહારાષ્ટ્રમાં પણ રાષ્ટ્ર જ છે.) રાષ્ટ્રમાં ક્રુરતાનું એક નવું શાસ્ત્ર ઊભું થયું છે.રોજ એક ક્રુરતા થાય છે. એ ક્રુરતાનો બચાવ કરવામાં આવે છે. એના પ્રત્યાઘાત રૂપે કવિતા જન્મે છે.પ્રેમચંદ તો એવું કહે છે કે રાષ્ટ્રવાદ એક કાલ્પનિક સમુદાય હૈં. એક ગોવાળિયાની છોકરી સાથે ભારતમાતાની મુલાકાત થાય છે. ઘરેણાંથી લદાયેલી ભારતમાતાના ખોળામાં માથુ મુકીને સૂવાનું છોકરીને ફાવતું નથી. એને એની ગરીબ માતાનો ખોળો યાદ આવે છે. શ્રી જયંતી દલાલે તેમની ''પાદરનાં તીરથ '' નવલકથામાં સ્વાતંત્ર્યની લડતની દબાવી દેવા કેવા પ્રયત્નો થતા હતા તેની વિગતો વ્યક્ત કરી છે. શ્રી ફણીશ્વરનાથ રેણુ કહે છે કે ભારતમાં બે રોગ છે. એક ગરીબી અને બીજી અજ્ઞાનતા.

આમ બહું કઠણ વિષયને શ્રી ભરતભાઈએ અનેક ઉદાહરણો આપીને બહું સરળ બનાવીને રજૂ કર્યો.

બીજી બેઠકના બીજા વક્તા હતા શ્રીમતી ઉષાબેન ઉપાધ્યાય, તેમને '' ભારતીય સાહિત્યમાં અસ્મિતા'' એવો વિષય આપવામાં આવ્યો હતો. આ વિષયને તેમણે શ્રોતાઓને અનેક પ્રશ્નો પૂછીને બહુ સારી રીતે ઉપસાવી આપ્યો. તેમાંના કેટલાક પ્રશ્નો જુવો.

(૧) બાબરી મસ્જિદમાં રામની મૂર્તિ મુકાઈ ત્યારથી રાષ્ટ્રવાદની ચર્ચા થાય છે . તે અગાઉના સમયની કેમ કોઈ ચર્ચા થતી નથી ?

(૨) કાશ્મીરના આતંકવાદની ચર્ચા થાય છે , કાશ્મીરના વિસ્થાપિતોની ચર્ચા કેમ થતી નથી ?

(૩) હંમેશા ફાંસીવાદની જ ચર્ચા કેમ થાય છે ?

(૪) કિસાનો આત્મહત્યા કરે છે. વનવાસીઓને કેમ આપઘાત કરવા પડતા નથી ?

(૫) મુદ્રા યોજનાને લીધે રોજગારી ઉભી થાય છે નહીં કે તે પણ ચર્ચાવું જોઈએ.

(૬) સમય સાથે સંસ્કૃતિ બદલાય છે. મુદ્રા જેવાં સર્જનો માનવતાની દ્ર ષ્ટિએ જોવાવા જોઈએ.

ઉષાબેને રાષ્ટ્રીયતા, અસ્મિતા અને ભારતીયતા એમ ત્રણેની ચર્ચા કરી. તેમણે કહ્યું કે આપણે ભાવનાત્મક રીતે ભારતીય છે અને પશ્ચિમતાના રંગે રંગાયેલા છીએ. અસ્મિતાની વાત કરતા તેમણે રામાયણ, મહાભારત અને ગીતા સાથે અનુસંધાન કર્યું. હિમાલય સાથે સમુદ્ર કેવી રીતે જોડાયેલો છે તે દર્શાવ્યું. શ્રી તારાશંકર બંદોપાધ્યાયની ગણદેવતા, શ્રીમતી મહાશ્વેતા દેવીની હાજાર ચુરાશીર મા, શ્રીમતી આશાપૂર્ણાદેવીની પ્રથમ પ્રતિશ્રુતિ જેવી ભારતીય નવલકથાઓની ચર્ચા કરી. સાથોસાથ શ્રી પન્નાલાલ પટેલની મળેલા જીવ, શ્રી ધ્રુવ ભટ્ટની તિમિરપંથી, શ્રીમતી કુન્દનિકા કાપડિયાની સાત પગલાં આકાશમાં, શ્રી વિનેશ અંતાણીની ધુંધ ભરી ખીણ જેવી આપણી ગુજરાતી નવલકથાઓના સંદર્ભો પણ ટાંક્યા.જટાયુ કવિતાને પણ યાદ કરી. છેલ્લે કહેલી બે વાત યાદ રાખવા જેવી છે.


મઝહબ નહીં શીખાતા આપસમેં બૈર રખના
કર્મ વીરતાપૂર્ણ હોય, ધર્મ ધીરતાપૂર્ણ હોય.

શ્રી પ્રકાશભાઈએ બંને વક્તાઓના વક્તવ્યોને સાંકળીને એમની અદામાં અને છટામાં સમાપન કર્યું. આમ કરતા એક ક્ષણે એમનાથી ભાષાના આવેશપૂર્ણ પ્રવાહમાં જરાક અવળું ઉચ્ચારણ થઈ ગયું.તેનાથી સભામાં થોડોક હોબાળો થઈ ગયો. જો કે તેમનો અપરાધ ક્ષમ્ય હતો એટલે તુરત જ હોબાળો શમી ગયો. અધ્યક્ષશ્રીને ટાઢુ પાણી રેડવા ઊભા થવું પડ્યું નહીં. પરંતુ આવી ક્ષણો જ ગુજરાતી સાહિત્ય પરિષદની ખાસિયત છે. છેલ્લી બેઠકમાં આવી ક્ષણ પુનઃ પધારી હતી અને તેને શાંત પાડવા અધ્યક્ષશ્રીને સામેલ થવું પડ્યું હતું.

# સાવ ડફોળના દાખલા સાચા પડે અને ભલભલા બુદ્ધિશાળીના ગણિત ખોટા પડે એનું નામ 'જિંદગી'

લાગણીનો મેળો

રસિક વાળંદ



થોડા શમણાંની સોબત રાખું છું,
જતું કરી જીવતરની ઈજ્જત રાખું છું.

●●●

પૂરઝડપે દોડી રહેલી મોટરબાઈક પાછળ એક વાક્ય લખેલું હતું : 'કિસે અપના કહું?' સાચે જ 'કોને પોતીકા કહેવા' એ એક મુંઝવતો સવાલ છે. વ્યક્તિ પોતીકાં સ્વજનોથી જેટલો હેરાન થયો છે એટલો પારકાંથી થયો નથી.

આજના બુદ્ધિવાદી અને તાર્કિક જમાનાએ સંવેદનાનો શૂન્યવકાશ સર્જ્યો છે. ભાઈઓ-ભાઈઓ વચ્ચે બાપે માર્યા વેર બંધાઈ જાય. અરે, ઘરમાંય વાત વાતમાં વાંકુ પડી જાય... કયારેક તથ્યહીન વાતને અવળો વળ ચડી જાય ને વર્ષોનો સંબંધ ધોવાઈ જાય... ચોવીસ કલાક ભેગા બેસનારાઓ વચ્ચે નજીવી વાત થકી જોજનો છેટું થઈ જાય...

દોસ્તો, મા-બાપ, ગામ, પરિવાર, પતિ-પત્ની, સંતાન, સ્વજનો આ સઘળું માગ્યા મુજબ મળ્યા નથી. ઈશ્વર દત્ત છે. આપણી પસંદગી મુજબ મળ્યા નથી... મળ્યા તે મા-બાપ, મળ્યો તે પરિવાર... જે કંઈ પ્રાપ્ત થયું છે તે ઋણાનુબંધ થકી મળ્યું છે. આખરે તો આ મનુષ્ય અવતાર અન્યોન્યનું ઋણ ફેડવા મળ્યો છે. ઋણ ફેડવું અને ભાવનાત્મક થવાનું એક ઈષ્ટ કર્મ છે. પરમાર્થ માટે જ મનુષ્યજન્મ સાંપડ્યો છે પરંતુ કમનસીબી એ છે કે માણસ 'અર્થ' (ધન) ને 'પરમ' માની જીવી રહ્યો છે.

'મળ્યું છે અમૂલું આ, માનવજીવન...
ગીતા કહે છે ગોવિંદની...'

અમૂલ્ય એનો મનખા અવતાર એકબીજાને ગમતાં થવા મળ્યો છે, પરંતુ કરૂણતા એ છે કે 'વહાલાં' થવાને બદલે 'વેરી' બનીએ છીએ. સ્નેહના ઊંજણના અભાવે પરિવારોમાં ઘર્ષણનો કકળાટ સંભળાય છે.

આપણે પંખીઓ પાસેથી પણ ખશું જ શીખતા નથી. ચકલો અને ચકલી પોતાના ગમતા તણખલાં શોધી લાવીને મનગમતો માળો રહે છે. આપણે હુંસાતુંસીમાંથી ઊંચા આવતા નથી... વૈચારિક કજોડાપણું તો રહેવાનું જ... સમજદારી અને જવાબદારી દાખવી જીવવામાં જ ખરી ખાનદાની છે.

મિત્રો, અમેરિકાના પ્રમુખ અબ્રાહ્મ લિંકનની પત્ની મેરી લિંકનથી તદ્દન સામા છેડાનો સ્વભાવ ધરાવતા હતા. ઉદાર લિંકન ફંડફાળો ઉઘરાવનારને કયારેય ખાળી હાથે જવા દેતા નથી અને મેરીથી આ સહેજેય સહન થતું નહીં. મેરી વારંવાર ખૂબ ગુસ્સે થતી કયારેક લિંકન એટલો બધો ત્રાસ અનુભવતા કે તેઓ ઘરની બહાર નીકળીને ઑફિસમાં જઈને બેસી રહેતા, આમ છતાં લિંકને કયારેય કોઈની સામે એમના દાંપત્યજીવન અંગે ફરિયાદ કરી નથી. એ બધું મૂંગે મોંઢે સહન કરતા રહ્યા અને પોતાના સિદ્ધાંતમાં અડગ રહીને ધ્યેય સિદ્ધિ માટે પુરુષાર્થ કરતા રહ્યા.

પ્રાપ્ત પરિસ્થિતિથી અકળાવાને બદલે આનંદભેર સ્વીકાર કરવાની મનોવૃત્તિ કેળવવી જોઈએ. જિંદગી ઈશ્વરે આપેલું સંપેતરું છે. એને સવાયું કરીએ. વાંધા વચકા છોડી ભળતા અને ભાવતા થઈએ. ઘર આંગણે પ્રાતઃકાળે ખીલતા પુષ્પો આપણને ટકોરે છે, 'ખીલતાં અને ખુલતાં શીખો.' ઈશ્વર નિર્મિત પ્રત્યેક વસ્તુ શ્રેષ્ઠ અને અનન્ય છે. સર્વનો સ્વીકાર કરીએ. ઈશ્વરની યોજના અપરંપાર છે. આપણે પણ ઈશ્વરી યોજનાના એક ભાગ છીએ. આપણે આપણા માનવીય કર્મો થકી એક અનન્ય બનીએ, શ્રેષ્ઠ બનીએ એમાં જ માનવ્યની શોભા છે!!

**સ્પર્શમણિ :**

★ અનુકૂળ સંજોગોમાં જીવતો માણસ સુખી છે... પણ સંજોગોને અનુકૂળ બનાવીને જીવતો માણસ પરમ સુખી છે.

●●●

આખી દુનિયા ફરીને
માણસ ઘરે આવે
એટલે એનો આખો થાક
ઉતરી જાય સાહેબ... પણ
જે માણસ ઘરમાં થાકે ને એનો થાક
આખીય દુનિયામાં કયાંક ના ઉતરે.

●●●

માણસ પાસે જયારે બહુ રૂપિયો થઈ જાય ત્યારે...
માણસ બહુરૂપિયો થઈ જાય છે.

●●●

સાવ ડફોળના દાખલા સાચા પડે અને ભલભલા બુદ્ધિશાળીના ગણિત ખોટા પડે એનું નામ 'જિંદગી.'

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949